## તેણે આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો :–

રાજય સરકારનો વહિવટ લોકાભિમુખ રીતે ચાલે અને લોકોના કામો સરળતાથી તેમજ સ્થાનિક રીતે થઈ જાય તે માટે સરકારશ્રી દ્વારા નવી પ્રાંત કચેરીઓની રચના કરવામાં આવેલ છે. જે મુજબ જામનગર જિલ્લામાં નવા ચાર પ્રાંત નીચેની વિગતે રચાયેલ છે.

| ક્રમ | પ્રાંતનું મુખ્ય મથક | પ્રાંતમાં સમાવિષ્ટ થતા તાલુકા |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, જામનગર શહેર | જામનગર |
| ૨ | પ્રાંત અધિકારીશ્રી, જામનગર ગ્રામ્ય | કાલાવડ અને જામનગર ગ્રામ્ય |
| ૩ | પ્રાંત અધિકારીશ્રી, લાલપુર | જામજોધપુર અને લાલપુર |
| ૪ | પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ | જોડીયા અને ધ્રોલ |

ઉપરોકત અધિકારીઓને જિલ્લા કક્ષાએ થતી કામગીરી પૈકી નીચે જણાવેલ કામગીરીના અધિકારો આપવામાં આવેલા છે.

૧. ફટાકડાના લાયસન્સ નવા આપવાના અધિકાર સબંધિત પ્રાંત અધિકારી અને એસ.ડી.એમ.શ્રીને આપવામાં આવેલ છે. તેમજ આવા લાયસન્સ રીન્યુ કરવાના અધિકાર સબંધિત તાલુકાના મામલતદારશ્રીને આપવામાં આવેલ છે.

૨. પેટ્રોલીય સ્ટોરેજના લાયસન્સ નવા આપવાના અધિકાર સબંધિત પ્રાંત અધિકારી અને એસ.ડી.એમ.શ્રીને આપવામાં આવેલ છે. તેમજ આવા લાયસન્સ રીન્યુ કરવાના અધિકાર સબંધિત તાલુકાના મામલતદારશ્રીને આપવામાં આવેલ છે.

૩. ખેડુતોને ખેતીમાં કુવા ઉંડા ઉતારવા કે નવા ગાળવા માટે સ્ફોટક પદાર્થની પરમીટો આપવાના અધિકાર સબંધિત તાલુકાના મામલતદારશ્રીઓને આપવામાં આવેલ છે.

૪. રૂા.૩૦૦૦/– સુધીના સ્ટેમ્પનું રીફન્ડ સબંધિત પ્રાંત અધિકારીશ્રી અને રૂા.૧૫૦૦/– સુધીના સ્ટેમ્પનું રીફંડ સબંધિત મામલતદારશ્રી તરફથી આપવામાં આવે છે.

૫. ગ્રામ્ય કક્ષાએ યોજાતા લોક મેળાના લાયસન્સો આપવાના અધિકાર સબંધિત મામલતદારશ્રીઓને આપવામાં આવેલા છે.

ઉપરની વિગતે અધિકારો આપવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોના કામો નજીકના અંતરેથી અને સરળતાથી તથા ઝડપથી થઈ શકે છે.